પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૭૧, કુલ પાના:૪, તારીખ: ૧૨-૧૧-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 71 PRICE :-RS. 1.50 DATE : 12-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના કેર વચ્ચે રૂપાણી સરકારનો મોટો નિર્ણય

# રાજ્યમાં ૨૩ નવેમ્બરથી શાળાઓ 'અનલૉક'

★ ૨૩મીથી ધો. ૯ થી ૧૨ અને કોલેજોમાં શિક્ષણકાર્ય શરૂ થશે, ધો. ૧ થી ૮ અંગે બાદમાં નિર્ણય લેવાશે,શિક્ષણકાર્યમાં ઓડ ઈવન ફોર્મ્યુલા લાગુ થશે, ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે, શાળા-કોલેજોમાં હાજર રહેવુ વિદ્યાર્થી માટે ફરજીયાત નહિ, વાલીની લેખિત બાંહેધરી લેવી પડશે, વિદ્યાર્થીને ફોર્મ અપાશે.

★ કેન્દ્ર સરકારની એસઓપીનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે, થર્મલ સ્કેનિંગ બાદ બાળકોને થશે પ્રવેશ, ફાઈનલ યરની કોલેજો પણ ૨૩મી નવેમ્બરથી શરૂ કરાશે.

ગાંધીનગર,

શાળા શરૂ કરવા બાબતે શિક્ષણ વિભાગે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. કોરોનાની મહામારી વચ્ચે દિવાળી પછી રાજ્યમાં શાળા અને કોલેજો શરૂ કરવા માટે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને કેબિનેટ બેઠકમાં સર્વસંમતિથી શાળા-કોલેજ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળામાં કેન્દ્ર સરકારની SOPનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે.



આ બાબતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસામાંએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતું કે, માર્ચ મહિનાથી લોકડાઉન વચ્ચે ગુજરાત પણ શાળા અને કોલેજો બંધ છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ઓનલાઈન લર્નિંગની વ્યવસ્થા કરી હતી. આજે CMના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં શિક્ષણ કાર્ય તબક્કાવાર શરૂ થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.આ વિષયમાં પરિપક્વ વિચાર કરવા માટે શિક્ષણ વિભાગ, શાળા-કોલેજ અને યુનિવર્સિટી, શિક્ષણ વિદો સાથે બેઠકોનો દોર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકાર દ્વારા આખરી નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારે દિવાળી પછી એટલે કે, ૨૩ નવેમ્બરથી રાજ્યમાં મધ્યમમિક-ઉચ્ચ માધ્યમિક અને કોલેજોમાં ભૌતિક રીતે શિક્ષણ કાર્ય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૩ નવેમ્બર સોમવારથી ધોરણ ૯થી ૧૨ના વર્ગ ભારત સરકારની SOP ગાઈડલાઈડના પાલન સાથે શરૂ કરવામાં આવશે. કોલેજ અને યુનિવર્સિટીમાં પ્રથમ તબક્કે પોસ્ટ ગ્રેજ્યુએટ, મેડિકલ અને પેરામેડિકલ વર્ગો શરૂ થશે. અંડર ગ્રેજ્યુએટ કક્ષાએ ફાઈનલ યરના જ ક્લાસ શરૂ કરવામાં આવશે. ITI અને પોલિટેકનિકલ સાયન્સ કોલેજ પણ ૨૩ નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ ઉપરાત કેન્દ્ર સરકારની SOP અનુસાર શાળા-કોલેજમાં ઓનલાઈન એજ્યુકેશન પણ શરૂ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં આવેલી તમામ બોર્ડની સરકારી, ગ્રાંન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ, કસ્તૂર બા બાલિકા વિદ્યાલય, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિભાગની શાળાઓમા પણ આ SOP લાગુ થશે. બાકીના વર્ગો અને ધોરણે શરૂ કરવા બાબતે તબક્કાવાર નિર્ણય કરવામાં આવશે. શાળા-કોલેજોમાં વિદ્યાર્થીની હાજરીની ફરજિયાત ગણવામાં આવશે નહીં. આ માટે વાલીની લેખિત સંમતિ સંસ્થાઓએ મેળવવાની રહેશે. થર્મલ ગનથી શિક્ષક અને વિદ્યાર્થીની દરરોજ ચકાસણી કરવાની, સાબુ વડે હાથ ધોવાની વ્યવસ્થા, સામાજિક અંતર વાળી બેઠક વ્યવસ્થા આ બધી જવાબદારી શાળાના આચાર્યએ લેવાની રહેશે.

વાલીની સંમતિ માટે એક ફોર્મ આપવામાં આવશે અને આ ફોર્મમાં SOPના પાલનની દરેક બાબત પણ દર્શાવવામાં આવશે. આ નિર્ણય આજે મળેલી કેબિનેટ બેઠકમાં સર્વ સંમતિથી લેવામાં આવ્યો છે. બાળકો પ્રાર્થના, મધ્યાહન ભોજન અને રિસેસના સમયમાં ભેગા ન થાય અને સબસિડી બાળકોના ખાતામાં જમા થાય તે તકેદારી અમે લઈશું. શાળા શરૂ થયા પછી અનુભવની સમિક્ષા કર્યા પછી શાળામાં ધોરણ ૧થી ૮ના ક્લાસ ક્યારે શરૂ કરવા તે બાબતે નિર્ણય કરવામાં આવશે. કોઈ વિદ્યાર્થી, શિક્ષક કે, ક્લાર્ક કોરોના સંક્રમિત થશે તો તેને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવશે. શાળાના આચાર્યને ઓડઈવન પધ્ધતિથી પણ શાળા શરૂ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

# માર્ચ સુધી તમામ બેંક એકાઉન્ટને આધાર સાથે જોડવા જરૂરી, સરકારનો આદેશ

ન્યુ દિલ્હી,

૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી તમામ બેંક એકાઉન્ટને આધાર કાર્ડ સાથે જોડી દેવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામણે તમામ બેંકોને આ આદેશ આપ્યાં છે. નિર્મલા સીતારમણે કહ્યું કે, જે ખાતાને પાન કાર્ડ સાથે લિંક કરવાની જરૂરત છે, તેમણે પણ આગામી ૩૧ માર્ચ સુધી પાન સાથે લિંક કરવાનું કામ પુરુ થઈ જવું જોઈએ.




ઈન્ડિયન બેંક એસોસિએશન સાથે વર્ચ્યૂઅલ બેઠકમાં નાણામંત્રીએ કહ્યું કે, હજુ પણ એવા અનેક ખાતાઓ છે, જે આધાર સાથે લિંક નથી થયા. બેઠકમાં હાજર બેંકોના વરિષ્ઠ અધિકારીઓને સીતારમણે કહ્યું કે, હવે બેંકોએ નક્કી કરવું જોઈએ કે આગામી ૩૧ માર્ચ સુધી બેંકોના તમામ ખાતાઓ આધાર સાથે લિંક થવા જોઈએ. જરૂરિયાત જણાતા ખાતાઓને પાન સાથે લિંક કરવાનું કામ પણ આજ મુદતમાં પુરુ કરી લેવું જોઈએ.

નાણામંત્રીએ કહ્યું કે, બેંકોએ રોકડ ચૂકવણીની જગ્યાએ પોતાના ગ્રાહકોને ડિજિટલ ચૂકવણી માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. બેંકોએ ડિજિટલ ચૂકવણીની ટેકિનક અપનાવવી જોઈએ અને યુપીઆઈથી ચૂકવણી સાથે તમામ ઉપાયોને ઉપયોગમાં લેવા જોઈએ.

# દિવાળી ભેટ: કેન્દ્રે ૧૪ રાજ્યને રૂપિયા ૬,૧૯૫ કરોડ ફાળવ્યા

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે મહેસૂલી ખાધની ગ્રાન્ટ પેટે ૧૪ રાજ્યને માસિક હપ્તા તરીકે કુલ ૬,૧૯૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામનના કાર્યાલયે મંગળવારે ટ્વીટ કર્યું હતું કે '૧૫મા નાણાં પંચની વચગાળાની ભલામણોને આધારે સરકારે આઠમા ઈએમઆઇ (ઈક્વેટેડ મન્થલી ઈન્સ્ટૉલમેન્ટ) તરીકે ૧૪ રાજ્યને મહેસૂલી ખાધની ગ્રાન્ટના રૂપમાં કુલ મળીને રૂપિયા ૬,૧૯૫.૦૮ કરોડ છૂટા કર્યા છે.' આ ૧૪ રાજ્યમાં આંધ્ર પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, પંજાબ, સિક્કિમ, તમિળનાડુ, ત્રિપુરા, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ છે. વર્તમાન નાણાંકીય વર્ષના એપ્રિલ-ઑક્ટોબરના સમયગાળા દરમિયાન પણ ગ્રાન્ટ તરીકે આટલી જ રકમ છૂટી કરાઈ હતી.રાજ્યોને મહેસૂલી આવકમાં જો કોઈ ખોટ થાય તો એના વળતર તરીકે ગ્રાન્ટ પૂરી પાડવા નાણાં પંચ કેન્દ્રને એક યંત્રણા પૂરી પાડે છે જે પોસ્ટ ડિવોલ્યુશન રેવન્યુ ડેફિસિટ ગ્રાન્ટ તરીકે ઓળખાય છે.



# મહિસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને યોજાઇ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, સરસ્વતી હોલ ગાંધીનગર ખાતેથી વિડીયો કોન્ફરન્સના માદયમથી કૃષિ (રાજય કક્ષા) પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી જયદ્રથસિંહજી પરમારની અદ્યક્ષતામાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૦-૨૧ ના આયોજન અંગે મહીસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક કોવિડ-૧૯ ની પરીસ્થિતિને દ્યાને લઇ સામાજીક અંતર જાળવી વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી.

મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી વીસી હોલ લુણાવાડા ખાતે આ બેઠકમાં પંચમહાલ સાંસદ સભ્ય રતનસિંહ રાઠોડ, સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક તથા જિલ્લા કલેક્ટર આર.બી.બારડ, જિલ્લા પોલીસ અધિક્ષક આર.પી.બારોટ, પ્રાયોજના વહીવટદાર સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં તેમજ જિલ્લા પંચાયત વીસી હોલ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન ખાંટ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા - તાલુકાના પદાધિકારીઓ-અધિકારીઓ અને સંતરામપુર મામલતદાર કચેરી ખાતે કડાણા અને સંતરામપુરના અધિકારીઓ પદાધિકારીઓએ ચર્ચા વિચારણામાં ભાગ લઇ ગુજરાત પેટર્ન યોજના ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષના કામોને બહાલી આપી હતી.

આ બેઠકમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનું કુલ રૂપિયા ૧૪૭૮ લાખની જોગવાઇ સામે ૧૬૬૫ લાખનું આયોજન ૧૧૨ ટકા કામોને બહાલી આપવામાં આવી ત્યારે મંત્રી પરમારે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯-૨૦૨૦ ના વર્ષના બાકી કામો સત્વરે પૂર્ણ થાય તે માટે જે તે વિભાગ દ્વારા સત્વરે ઘટતી પ્રક્રિયા હાથ ધરવા તેમજ આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પુર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને સુચના આપી હતી.

ગત બેઠકની આદિજાતિ વિકાસ મંડળની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના કામોની પ્રગતિની સમીક્ષા, વર્ષ૨૦૧૯-૨૦ માં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં મંજુર થયેલ કામો પૈકી ફેરબદલના કામો, વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં આયોજન બાકી હોય તેવી ગ્રાંટનું આયોજન કરવા બાબતે ચર્ચા વિચારણા કરી બહાલી આપવામાં આવી હતી. મીટીંગની શરૂઆતમાં જિલ્લા કલેક્ટર બારડે શાબ્દિક સ્વાગત અને અંતમાં આભાર દર્શન કર્યું હતું.

# મહીસાગર જિલ્લામાં આજે ૧૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૧-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૫૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૧૨૫૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૭૬૫૩૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીક્ટિ હોસ્પિ ટલ, લુણાવાડા, ૩૬ દર્દી હોમ આઇસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૬ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તારના હિરાપુર ગામના દક્ષ માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બન્યો આશીર્વાદરૂપ



લુણાવાડા, બાળકોના આરોગ્ય સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટેના કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્ય સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હર હંમેશાં તત્પર રહે છે. ત્યારે જરૂરિયાતમંદ બાળકોને પૂરતી સહાય અને સારવાર આપી અનેક બાળકોના પરિવારમાં ખુશાલી આવી છે. એવા જ ઉંડાણ અને અંતરીયાળ આદિજાતિ વિસ્તારમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના હિરાપુર ગામમાં ખેતમજુરી કરીને જીવન ગુજરાન ચલાવતા પરીવારના બાળકનું લાખોના ખર્ચે થતું જન્મજાત કપાયેલા હોઠનું ઓપરેશન નિઃશુલ્ક થતા પરીવારમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

હિરાપુર ગામના અશ્વિનભાઇ આમલીયાર જણાવે છે કે, તેઓ ગામમાં ખેતમજુરી કરી જીવન ગુજરાન ચલાવે છે તેમના દિકરા દક્ષનો જન્મ સ્ટેટ હોસ્પિટલ ખાતે થયો હતો તે સમયે ઘરમાં ઘણો જ આનંદ હતો. પરંતુ જ્યારે એ જાણવા મળ્યુ કે,મારા દિકરા દક્ષને હોઠ કપાયેલો છે. તે જાણી અમને ઘણુંજ દુઃખ થયું તેને સારૂ કરવા મુજ ગરીબને કયાંથી પૈસા મળશે અને મને કોણ સહાય કરશે એ જ વિચારમાત્રથી મારૂ હદય કંપી ઉંઠ્યું. તેવા કપરા સંજોગોમાં આ દિકરા વિશે આર. બી. એસ. કે ના ડો.ભૌમિક પટેલ અને ડો.ઝીનલ રાઠોડની ટીમની તપાસ દરમ્યાન જાણ થતા તેમની ટીમે તાત્કાલીક અમારા ઘરની મુલાકાત લીધી.

આર.બી.એસ.કે ટીમની તપાસ બાદ તેને લઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ગોઠીબ ખાતે તપાસ કરાવી અને વધુ સારવાર માટે સંતરામપુર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લાવ્યા હતા. ત્યાર બાદ તેને ઓપરેશનની જરૂર જણાતા વડોદરાની કાશીબા ચિલ્ડ્રન હોસ્પીટલ ખાતે લઇ ગયા હતા. જ્યાં સ્માઇલ ટ્રેન પ્રોગ્રામ અંતર્ગત ૨ જી નવેમ્બર ૨૦૨૦ના રોજ દક્ષનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. હાલમાં તે સ્વસ્થ તંદુરસ્ત અને હસતો રમતો થઇ ગયો છે. ઓપરેશન બાદ આર.બી.એસ.કે.ની ટીમ દક્ષના આરોગ્યની ચકાસણી માટે અવાર નવાર ગૃહ મુલાકાત લે છે.

સરકારના આરોગ્ય વિભાગ દવારા ચાલતા શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમને લાભ મળ્યો છે. અંદાજે એક થી દોઢ લાખના ખર્ચે થતું હોઠનું સફળ ઓપરેશન કોઇપણ જાતના ખર્ચ વિના તેમજ આરોગ્યના કર્મચારીઓના સાથ અને સહકારથી થતા આ આરોગ્ય સેવા મળી તે બદલ હું સરકારનો ઋણી છું. શાળા આરોગ્ય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ન હોત તો મુજ ગરીબ ખેતમજુર પરીવારની આ બાળકને આજીવન આ જન્મજાત ખામી સહન કરવી પડતી, જેના વિચાર માત્રથી મારૂં હદય કંપી ઉઠે છે. પરંતુ આ કાર્યક્રમથી મારા દિકરાની આ જન્મજાત ખામી દૂર થતા તે સારૂ જીવન જીવી શકશે.

સરકારની આ યોજનાથી મારો દિકરો દક્ષ આજે બીજા બાળકોની જેમ સ્વસ્થ જીવન જીવી રહ્યો છે. તે માટે હું સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સરકારનો અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સભ્યોનો હ્રદય પૂર્વક આભાર માનું છું. તથા ભવિષ્યમાં અમારા જેવા અનેક લાભાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

# સંતરામપુર ગોઠિબ ચોકડી પાસેથી બાઈક ઉપર મૃત લોંકડીને લઈ જતાં બે ઈસમોને પોલીસે ઝડપ્યા

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગોઠિબ ચોકડીએથી જાહેર રસ્તા ઉપરથી બાઈક પર મૃત લોંકડી(નર)ને લઈ જતાં બે ઈસમોને પોલીસે ઝડપી પાડી તેની જાણ સંતરામપુર વનવિભાગને કરવામાં આવી હતી.

વન વિભાગના અધિકારીનો સ્ટાફ ગોઠિબ ચોકડીએ દોડી ગયેલ અને બાઈક અને લોંકડી(નર)નો મૃતદેહ કબ્જે લઈ આરોપી વાદી વિનેશ અને વાદી હિતેશ (રહે.હિરાપુર તા.સંતરામપુર)ની અટકાયત કરી અને આરોપીઓ સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા હેઠળ ગુનો નોંધીને બંને આરોપીઓને સંતરામપુર કોર્ટમાં રજુ કરીને આરોપીઓના રિમાન્ડ બે દિવસના માંગ્યા હતા. તેમના રિમાન્ડની અરજીની તા.૯ ના રોજ સુનાવણી થતાં ફરિયાદ પક્ષને આરોપીઓના વકીલની દલીલો સાંભળી સરકારી વકીલ કે.કે.ડાભીની દલીલોને ગ્રાહ્ય રાખીને બંને આરોપીઓને જ્યુ.મેજી.શબાના એ.મન્સુરીએ એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

# હાલોલ-વડોદરા હાઈવે પર ટોલનાકા પાસે મીની ટ્રાવેલ્સની ટકકરે ૨૫ વર્ષિય યુવાનનું મોત

હાલોલ, હાલોલ-વડોદરા હાઈવે રોડ પર ટોલનાકા પાસે મીની ટ્રાવેલ્સ બસ મોટરસાયકલ ને ટકકર મારતા એમ.પી.થી તારાપુર જઈ રહેલા ૨૫ વર્ષિય યુવાનનુ કમકમાટીભર્યુ મોત નીપજયું હતુ. અકસ્માત સર્જી ટ્રાવેલ્સ બસનો ચાલક બસ ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મૃતકના ભાઈએ હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મધ્યપ્રદેશના બેજડા તા.સોંડવા જિ.અલીરાજપુર ખાતે રહેતા ૨૫ વર્ષિય ઓબી ખજાન ભયડિયા પોતાની મોટરસાયકલ લઈને એમ.પી.થી હાઈવે રોડ પર રહી તારાપુર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન હાલોલ-વડોદરા ટોલનાકાથી થોડે દુર એક મીની ટ્રાવેલ્સ બસના ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે હંકારી લાવ ઓબીની મોટરસાયકલને ટકકર મારતા ઓબી મોટરસાયકલ સહિત રોડ પર પછડાતા માથામાં તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.જેથી અકસ્માત જોઈ આસપાસથી દોડી આવેલા લોકોએ એમ્બ્યુલન્સ મારફતે હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેનુ મોત નીપજયું હતુ. બનાવ અંગે એમ.પી.ખાતે તેઓના પરિવારજનોને જાણ કરાતા તેઓ હાલોલ ખાતે દોડી આવ્યા હતા. જયાં મૃતદેહનુ પી.એમ.કરી મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. અકસ્માત સર્જી મીની ટ્રાવેલ્સનો ચાલક પોતાના કબ્જાનુ વાહન છોડી ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે મૃતકના ભાઈએ હાલોલ રૂરલ પોલીસ મથકે આ અંગે ગુનો નોંધાવતા પોલીસે મીની ટ્રાવેલ્સના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરા સિંધી બજારમાં હંગામી કે કાયમી ફટાકડા વેચવાની પરવાનગી વગર રાખેલ ૧૫ હજારના ફટાકડા જપ્ત કરતી પોલીસ

શહેરા, શહેરા સિંધી બજારમાં હંગામી કે કાયમી ફટાકડા વેચાણનું પરમીટ નહિ મેળવી આસ્થા ગીફટના સામે ઓટલા ઉપર અલગ-અલગ પ્રકારના ફટાકડા કિંમત ૧૫,૬૪૦/-રૂપીયાનો જથ્થો રાખીને વેચાણ કરતાં પકડાઈ જઈ ગુનો કરતા આ બાબતે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા સિંધી બજારમાં આસ્થા ગીફટ દુકાનની સામે ઓટલા ઉપર મનોજ કાળીદા પરમારે ફટાકડા વેચાણ માટેનું હંગામી કે કાયમી પરમીશન મેળવ્યા વગર ધંધો કરતો હોય તે સ્થળે પોલીસે કાર્યવાહી કરી અલગ અલગ પ્રકારના ફટાકડા વજન ૧૦૬.૮૪ કિ.ગ્રા. કિંમત ૧૫,૬૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે વેપારીને ઝડપી પાડવામાં અવ્યો. તેમજ આ બાબતે સ્ફોટક અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા તાલુકાના છાવડ ચોકડી પરથી ત્રણ બાઈકો ઉપર લઈ જવાતા ૨૮ હજારના દારૂ સાથે છ ઈસમો ઝડપ્યા

ગોધરા, ગોધરા તાલુકાના છાવડ ચોકડી રોડ ઉપર તાલુકા પોલીસના ચેકીંગ દરમ્યાન ત્રણ બાઈકો ઉપર ઈંગ્લીશ દારૂ કિંમત ૨૮,૯૨૦/-રૂપીયાની હેરાફેરી કરતા ૬ ઈસમોને પોલીસે ઝડપ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છાવડ ચોકડી ઉપર ગોધરા તાલુકા પોલીસ ચેકીંગમાં હતી. દરમ્યાન ત્રણ મોટર ચાલક ઉપર પસાર થતા ઈસમોને પોલીસે રોકયા હતા અને ચેકીંગ કરતા આ ઈસમો પાસેથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૬૪ કિંમત ૨૮,૯૨૦/-રૂપીયાનો જથ્થો મોબાઈલ ફોન નંગ-૫ કિંમત ૭,૫૦૦/-રૂપીયા બાઈક ત્રણ મળી કિંમત ૭૦,૦૦૦/-રૂપીયા મળી ૧,૦૬,૪૨૦/રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. તેમજ છ આરોપીઓ દિલીપ સુફરાભાઈ ચૌહાણ (સીંગવડ), હિતેશ શનાભાઈ બારીયા, મુકેશ કાંતિભાઈ પટેલ, કમલેશ સુરસિંગભાઈ પટેલ, પંકજ ઉર્ફે પિન્ટુ વિનોદભાઈ બારીયા, કૃપાલ દિલીપભાઈ પટેલ (રહે. માતરીયા (વેજતા) મોરવાને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૨-૧૧-૨૦૨૦, ગુરૂવાર, નિજ આસો વદ-૧૨, સૂર્યોદય-૬-૫૯, સૂર્યાસ્ત-૬-૦૩, જૈન નવકારશી-૭-૪૭, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૦૯થી ૧૨-૫૩ સુધી, ૬-૫૯થી શુભ-૮-૨૨ સુધી, ૧૧-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૫-૧૭ સુધી, ૧૬-૪૦થી શુભ-અમૃત-ચલ-૨૧-૧૭ સુધી

- શુભ હોરા-
૬-૫૯થી ગુરૂની ૭-૫૪ સુધી, ૯-૪૫ થી શુક્ર-બુધ-ચંદ્રની ૧૨-૩૧ સુધી, ૧૩-૨૬થી ગુરૂની ૧૪-૨૨ સુધી, ૧૬-૧૨થી શુક્ર-બુધ-ચંદ્રની ૧૯-૦૮ સુધી


## દૈનિક રાશીફળ

તા.૧૨.૧૧.૨૦૨૦ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- અટકતા કાર્યોને વેગ મલવાનો છે અપરણીતાને સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા મલવાની.
વૃષભ (બ.વ.ઉ.) :- કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો. આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું ઉધારીથી દૂર રહેજો.
મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય. વિલવારસાના પ્રશ્નોમાં સફળતા મલવાની પ્રવાસમાં સફળતા.
કર્ક (ડ.હ.) :- બિનજરૂરી ખર્ચાઓથી દૂર રહેજો મહત્વના કાર્ય બાબત પરિવાના સભ્યો સાથે ચર્ચા થાય.
સિંહ (મ.ટ.) :- મહેનતનું ફળ મલવાનું, આવક વધારવાના પ્રયત્નો ફળવાના અંધ શ્રધ્ધાથી દૂર રહેજો.
કન્યા (પ.ઠ.ણ.) :- વધુ પડતા અધીરા ન બનતા. શેટ સટ્ટાથી દૂર રહેજો. નોકરીમાં કાર્યભાર રહેવાનો.
તુલા (ર.ત.) :- નોકરી ધંધામાં સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો નવું સાહસ કરવાથી દૂર રહેવાની સલાહ છે.
વૃશ્ચિક (ન.ય.) :- એકદમ આગળ વધી જવાની જરૂર નથી ધીરજ રાખો સંતાનોનો સાથ સહકાર રહેવાનો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- વધુ પડતા સંવેદનશીલ ન બનો. ઉપરી વર્ગને સમજવાની કોશીષ કરો. આર્થિક લાભ પણ મલવાનો.
મકર (ખ.જ.) :- બીજાઓની અપેક્ષાઓ વધવાની છે. જેનું તમારે ધ્યાન રાખવાનું છે નોકરીમાં કોઈ પરિવર્તન રહે.
કુંભ (ગ.શ.સ.) :- વીજાતીય વ્યકિતનો સહકાર મલવાનો છે મિલ્કતના પ્રશ્નોમાં સફળતા મેળવશો. કર્જમાં રાહત રહે.
મીન (દ.ચ.ઝ.) :- હિસાબ કિતાબમાં ધ્યાન આપો. નોકરીમાં કોઈ અપેક્ષા ફળવાની કાર્યભાર પણ રહેવાનો છે.

## ૫૧૨ના મોત સાથે મૃત્યુઆંક ૧.૨૭ લાખને પાર, રિકવરી રેટ વધીને ૯૨.૭૯

# દેશમાં ૮૦ લાખ લોકોએ કોરોનાને આપી માત, ૨૪ કલાકમાં ૪૪,૨૮૧ નવા કેસ



ન્યુ દિલ્હી, દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં અત્યાર સુધી ૮૦ લાખથી વધુ લોકો કોરોનાને માત આપી ચૂક્યાં છે. આ સાથે જ દેશમાં કોરોના એક્ટિવ કેસો પણ ઓછા થઈ રહ્યાં છે. જેના કારણે ભારતમાં કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૨૮૧ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ ગાળા દરમિયાન વધુ ૫૧૨ દર્દીઓએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

નવા કેસો ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૬ લાખને પાર પહોંચી ચૂકી છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૧.૨૭ લાખથી વધુ લોકોને ભરખી ચૂક્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દર્દીઓના સ્વસ્થ થવાનો દર એટલે કે કોરોના રિકવરી રેટ વધીને ૯૨.૭૯% અને મૃત્યુદર ૧.૪૮ ટકા પર પહોંચ્યો છે.

અત્યાર સુધી મળેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ નવા કેસ દિલ્હીમાં નોંધાયા છે. દિલ્હીમાં રેકોર્ડ બ્રેક ૭૮૩૦ નવા દર્દીઓ મળી આવ્યાં છે. જે અત્યાર સુધી દિલ્હીમાં એક દિવસમાં મળેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ દિલ્હીમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૫૧ લાખ પર પહોંચી ચૂક્યો છે, જ્યારે ૭૧૪૩ લોકો કોરોનાના કારણે મોતને ભેટ્યા છે.

કેરળમાં ૨૪ કલાકમાં ૬૦૧૦ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ અહીં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪.૯૫ લાખ થઈ ગઈ છે. આ સિવાય સાઉથના અન્ય સ્ટેટ્સમાં તમિલનાડુમાં ૨૧૪૬, આંધ્ર પ્રદેશમાં ૧૮૮૬, તેલંગાણામાં ૧૨૬૭ નવા કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યાં છે. આ રાજ્યોમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ક્રમશઃ ૭.૪૮ લાખ, ૮.૪૮ લાખ અને ૨.૫૨ લાખ થઈ ગયો છે.

# અમેરિકામાં કોરોનાનો કેરઃ એક જ દિવસમાં બે લાખ કેસ

વોશિંગ્ટન, અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીની ગરમી હવે ઠંડી પડવા આવી છે ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના બે લાખ કેસ નવા આવ્યા હતા. જો બાઈડન જ્યારે સત્તાનાં સૂત્રો ગ્રહણ કરે ત્યારે સૌથી વધુ સિરદર્દ આ મુદ્દે એમને થશે.

બે લાખ નવા કેસ સાથે અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા દસ કરોડના આંકને વટાવી ગઈ હતી કોરોના સંક્રમણનો કુલ આંકડો ૧૦ કરોડ ૫૫ લાખ, ૯,૧૮૪ની થઈ ગઈ હતી.

વર્લ્ડો મીટર વેબસાઈટના એક રિપોર્ટ મુજબ કોરોનાના પગલે અમેરિકામાં અત્યાર સુધીમાં બે લાખ ૪૫ હજાર ૭૯૯ લોકોનાં મરણ થયાં હતાં. અત્યાર સુધીમાં ૬૬ લાખ ૧.૩૩૧ લોકો સાજા થઈ ને ઘરે પાછાં ફર્યાં હતાં. અત્યારે અમેરિકામાં ૩૭ લાખ ૧૨ હજાર ૫૪ વ્યક્તિની સારવાર ચાલી રહી હતી.

નિષ્ણાતો માને છે કે આવી રહેલો શિયાળો અમેરિકામાં કોરોનાની બીજી લહેરને વધુ ઘાતક બનાવશે અને વધુ લોકો કોરોનાગ્રસ્ત થઈને જાન ગુમાવશે. ટ્રમ્પ અત્યારે પોતાનું બધું વાઈન્ડ અપ કરવામાં વ્યસ્ત રહેવાથી કોરોનાની બીજી લહેરને ડામવામાં ઝાઝો ઉત્સાહ નહીં દાખવે. જો બાઈડન સત્તાનાં સૂત્રો ગ્રહણ કરે ત્યાં સુધીમાં આ મુદ્દે ઘણું મોડું થઈ ગયું હશે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વ્હૂ)એ પણ અમેરિકામાં વધી રહેલા કોરોનાના કેસ અને કોરોનાની બીજી લહેરના મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં દિવાળીના પર્વ ઉજવણી સમયે ૧૦૮ ઈમરજન્સી સેવા માટે ટીમ તૈયાર

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિવાળી પર્વને લઈ ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. જિલ્લામાં સૌ લોકો દિવાળીનો ઉત્સવ મનાવતા હશે. ત્યારે તહેવારના દિવસે પણ અવિરત ઈમરજન્સી સેવા આપતા ૧૦૮ ઈમરજન્સી દાહોદ જિલ્લાની ટીમ સતત પોતાની ફરજ બજાવવા અડીખમ છે.

કોવિડ – ૧૯ની મહામારી વચ્ચે પણ નાગરિકો માં દિવાળી ના તેહવારોની ઉજવણી માટે ઘણો ઉત્સાહ દેખાઈ રહ્યો છે ત્યારે ૧૦૮ ઈમર્જન્સી સેવા ના કર્મીઓ દ્વારા દાહોદ જિલ્લા ના નાગરિકોને દિવાળીની એડવાન્સમાં શુભકામનાઓ પાઠવી છે તેમજ કોઈ પણ સમયે ૨૪/૭ કોઈ પણ ઈમર્જન્સીને ઝડપથી પ્રતિસાદ આપવા માટે ૧૦૮ એમ્બુઅલન્સ દાહોદની ટીમે તૈયારીઓ કરી લીધી છે. જે રીતે દર વર્ષે દિવાળી, નવું વર્ષ અને ભાઈબીજ આ ત્રણ મુખ્ય દિવસોમાં અકસ્માત ના તેમજ અન્ય ઈમર્જન્સી કેસો માં નોંધ પાત્ર વધારો થાય છે. તેમાં પોહચી વડવા દાહોદ ૧૦૮ ના કર્મીઓ એ પોતે નોકરી પર હાજર રહી અને તહેવારો ની ઉજવણી કરશે અને નાગરિકોને ઈમર્જન્સીમાં કોઈ અસુવિધા ઉભી ના થાય તેમાટે તૈયારીઓ સાથે ૨૪/૭ ખડે પગે રહેશે.

દાહોદ જિલ્લા ના બધાજ નાગરિકો પોતાના વ્હાલાઓ સાથે હર્ષોલ્લાસ થી તહેવારો ની મોજ માની શકે તે માટે ૧૦૮ ના કર્મીઓ ફરજ પર હાજર રહી વિડિઓ કોલ જેવી (વર્ચુલ– ઉજવણી ) પદ્ધતિ થી પોતાના ઊટ્ટિંદટ્ઠિ સાથે ઉજવણી માં સામેલ થશે. ખરેખર ૧૦૮ ના કર્મીઓ તેમજ પોલીસ તેમજ હોસ્પિટલના કર્મીઓ ને સો સો સલામ કે જેઓ મહામારી હોય કે તહેવારો પોતાના ઘરે થી દૂર રહી નાગરિકો માટે ખાડે પગે રહે છે. ૧૦૮ ની ટીમ દ્વારા દિવાળી ના તહેવારોમાં ઈમર્જન્સી ને પોહચી વડવા અને ૨૪/૭ ખડે પગે રહેવા પુરી તૈયારીઓ કરી લીધી છે.

દિવાળી ના તહેવારો માં ઈમર્જન્સી માં થતો વધારો માટે ની આગાહીઓ ના આંકડા ઓ નીચે મુજબ ના છે. જેમાં છેલ્લા ચાર વર્ષ ના આંકડા તેમજ ચાલુ વર્ષે દિવાળી ના ત્રણ દિવસમાં કેટલી ઈમર્જન્સી આવી શકે તેની આગાહી આપવામાં આવેલ છે.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

આહાર ટ્રસ્ટ, દેવગઢ બારીયા માં આજે તારીખ ૧૧-૧૧-૨૦૨૦ ના રમા એકાદશી ના રોજ મા-બાપ વગરની અનાથ છોકરીઓના વરદ હસ્તે, આહારની ૩૫ અનાથ/ગરીબ બાલિકાઓને ન્હાવા-કપડા ધોવાના સાબુ-તેલ-શેમ્પુ-પાવડર-કોલગેટ-ટુથબ્રશ-ચાંદલા-નિઈલપોલીસ-કોલ્ડક્રીમ-કાંસકો-બોડીલોશન-ઊલીયુ-રૂમાલ-ફ્રેર એન્ડ લવલી-પેડ-તથા નાસ્તા માટે પાપડી-ગાંઠિયા-ટોસ્ટ ની કીટ અને દરેક્ને રૂપિયા ૧૦૦/- રોકડા આપવામાં આવ્યા.

# દાહોદમાં આવેલા પ્રખ્યાત ધાર્મિક સ્થળ કંબોઈધામને વિકસાવવાની કામગીરી શરૂ

દાહોદ,

દાહોદમાં આવેલા ધાર્મિક સ્થળોમાં કંબોઈનું પ્રખ્યાત શ્રી ગુરૂ ગોવિંદ ધામ અહીંના લોકોનું આસ્થાનું પ્રમુખ સ્થળ છે. આસપાસના રાજસ્થાન અને મધ્યપ્રદેશથી પણ લોકો અહીં દર્શનાથે આવે છે અને ગુરૂ પૂર્ણિમા અને ભાદરવા સુદ અગિયારસે મોટી સંખ્યામાં ભકતો દર્શનાથે આવતા હોય કંબોઈ ધામને રૂ. ૨.૬૦ કરોડના ખર્ચે વિકસાવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે અને પ્રોજેક્ટની કામગીરી ત્વરિત ગતિથી શરૂ કરવામાં આવી છે. કંબોઈધામ વિકસાવવાના પ્રોજેકટની કામગીરી કલેકટર વિજય ખરાડીની આંગેવાનીમાં જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કંબોઈધામને ભવિષ્યની તમામ જરૂરતોને ધ્યાનમાં રાખીને રૂ. ૨.૬૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે. જેમાં ગાર્ડન, ચિલ્ડ્રન પ્લે એરિયા, કિચન તથા રૂમની સુવિધા સાથેનો હોલ, શ્રી ગુરૂ ગોવિંદની મૂર્તિ, વોશિંગ એરિયા, પાર્કિંગ, ટોઇલેટ બ્લોક સહિતની સુવિધાઓ પૂરી પડાશે. આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે દર પખવાડિયે જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા સમીક્ષા બેઠક યોજાય છે.

કંબોઈધામને વિકસાવવાના પ્રોજેકટની કામગીરી પર કલેક્ટર દ્વારા સીધી દેખરેખ રાખવામાં આવી રહી છે. તેઓ અવારનવાર કંબોઈધામની આકસ્મિક મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ પણ કરે છે. ગત તા. ૭ ના રોજ પણ કલેક્ટર દ્વારા કંબોઈધામની મુલાકાત લેવામાં આવી હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી.

## સત્તાણું લાખની ઉદ્દવહન સિંચાઇ યોજના થકી દાહોદના રાણાપુર ખુર્દ ગામના દોઢસો ખેડૂતો સોનું પકવશે



દાહોદ,

ખેડૂતને જો ખેતી માટે બારેમાસ ભરપુર પાણી મળી રહે તો પૈસેટકે સમૃદ્ધિ આપોઆપ આવે છે. આવું જ કંઇ દાહોદના રાણાપુર ખુર્દ ગામના ખેડૂતો માટે થયું છે. અહીંયા રૂ. ૯૭ લાખની ઉદ્દવહન સિંચાઇ યોજનાના લોકાર્પણ બાદ ખેડૂતોને સિંચાઇ માટેના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. શાકભાજી પાકો માટે જાણીતા રાણાપુર ખુર્દ ગામના દોઢસો જેટલા ખેડૂતો હવે બારેમાસ શાકભાજી પાકો કરી શકશે તેની તેમને મોટી ખુશી છે.

રાણાપુર ખુર્દ ગામના ખેડૂત દીતલાભાઇ ડામોર જણાવે છે કે, અમારૂં ગામ આખા દાહોદ શહેરને શાકભાજી પાકો પૂરી પાડવા માટે જાણીતું છે. અમારા ગામ પાસેની ખાન નદીનો લાભ મોટે ભાગે કિનારા પાસે આવેલા ખેડૂતો મેળવતા હતા. અન્ય ખેડૂતોએ મશીનથી પાણી ખેંચવું પડતું. જેનો લીટરે ખર્ચ એંશી રૂપીયા જેટલો થતો અને મશીનનો સો રૂપીયા જેટલો ખર્ચ અલગ. પહેલા સિંચાઇના પાણી માટે ભારે અગવડ પડતી. પણ હવે સિંચાઇ યોજનાનો લાભ મળતાં ગામના સૌ ખેડૂતો દરેક સીઝનમાં શાકભાજી પાકો કરી શકાશે અને સિંચાઇના પાણીનો ખર્ચ પણ નિવારી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાંસદ જસવંતસિંહ ભાભોરે થોડાક સમય પહેલાં જ રાણાપુર ખુર્દ ગામ માટે રૂ. ૯૭ લાખની ઉદ્દવહન સિંચાઇ યોજનાનું લોકાર્પણ કર્યુ છે. આ યોજનાથી દોઢસો ખેડૂતોની ૭૦ હેકટર જેટલી જમીનને ખાનનદીના પાણીનો બારેમાસ સિંચાઇ માટે લાભ મળતો થયો છે. યોજના મુજબ ૮૭૫ મીટર જેટલી લાંબી મુખ્ય પાઇપલાઇન અને ૫૧૭૪ મીટર વિતરણ લાઇન બિછાવવામાં આવી છે. વિતરણ લાઇન પર ૩૭ કુંડી લગાવવામાં આવી છે અને પાણીના વહન માટે ૨૦ હોર્સ પાવરના એક એવા ત્રણ પમ્પ મૂકવામાં આવ્યા છે.

## દાહોદના નાની ખરજ ગામે પરણિતાએ પતિ અને સાસરીયાના ત્રાસથી કર્યો આપઘાત

દાહોદ,

દાહોદ તાલુકાના નાની ખરજ ગામે એક ૨૭ વર્ષીય પરણિતાને પતિ તથા સાસુ – સસરા દ્વારા પરણિતા ઉપર આડા સંબંધ હોવાનો શક વ્હેમ રાખી, શારિરીક અને માનસીક ત્રાસ આપી મરી જવા માટે દુષ્પ્રેરણા કરતાં પરણિતાએ ઘરની બાજુમાં આવેલ તબેલાના રૂમમાં લોખંડની પાઈપે દોરડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

નાનીખરજ ગામે રહેતી ૨૭ વર્ષીય મીનાબેનને પતિ જયેશભાઈ દિનેશભાઈ ડાંગી, સસરા દિનેશભાઈ વશનાભાઈ ડાંગી તથા સાસુ રમીલાબેન દિનેશભાઈ ડાંગીનાઓ અવાર નવાર મેણા ટોણા મારી, આડા સંબંધના વહેમમાં મીનાબેન ઉપર ખોટો શક વ્હેમ રાખતાં હતા અને આ મામલે શારિરીક અને માનસીક ત્રાસ પણ આપતાં હતા. આવા અસહ્ય ત્રાસથી વાજ આવેલ મીનાબેન ગત તા.૧૦ સપ્ટેમ્બરના રોજ નાનીખરજ ગામે પોતાના ઘરની બાજુમાં તબેલાના રૂમમાં લોખંડની પાઈપ સાથે દોરડી બાંધી આત્મહત્યા કરી લેતા પંથકમાં સ્તબ્ધતા છવાઈ ગઈ હતી.

આ સંબંધે દાહોદ તાલુકાના ખરોડ ગામે ડુંગરી ફળિયામાં રહેતા તાજસીંગભાઈ ટીટાભાઈ ડામોર દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે આ સંબંધે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઓનલાઈન સમાચાર અને સમસામયિક વિષય વસ્તુ સૂચના મંત્રાલયોના આધિન રહેશે

# હવે સૂચના-પ્રસારણ મંત્રાલયના દાયરામાં આવશે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે આજે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઈન કંટેંટ પ્રોવાઈડર્સને પણ સૂચના અને પ્રસારણ મંત્રાલય હેઠળ લાવવાની અધિસૂચના જાહેર કરી દીધી છે. અગાઉ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક કેસમાં દલીલ આપી હતી કે, ઓનલાઈન માધ્યમોના નિયમન ટીવી કરતા વધારે જરૂરી છે. હવે સરકારે ઓનલાઈન માધ્યમોથી ન્યૂઝ અને કન્ટેન્ટ પુરા પાડનારા માધ્યમોને પણ મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય લીધો છે.



ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઈટને રેગ્યૂલેટ કરવા માટે નિયમ બનાવવા પાછાળ ફેક ન્યૂઝ એટલે કે બનાવટી કે પાયા વિહોણા અહેવાલો પર લગામ કસવાનું છે. મંત્રાલયે તેના માટે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. તે મુજબ હજે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઈન કન્ટેન્ટ પ્રોવાઈડર સૂચના અને પ્રસારણ મંત્રાલગના દાયરામાં આવશે.

ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઈટ્સને રેગ્યૂલેટ કરવા માટે સરકારે ૧૦ સભ્યોની કમિટી બનાવી હતી. આ કમિટીમાં સૂચના તથા પ્રસારણ, કાયદા, ગૃહ, આઈટી મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને પ્રમોશનના સચિવોને સામેલ કરવામાં આવ્યા. આ ઉપરાંત સ્અર્ટ્દના ચીફ એક્ઝિક્યૂટિવ અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન અને ઈન્ડિયન બ્રોડકાસ્ટર્સ એસોસિએશનના પ્રતિનિધિઓને પણ સભ્ય બનાવવામાં આવ્યા છે.

કમિટી તરફથી ઓનલાઈન મીડિયા, ન્યૂઝ પોર્ટલ અને ઓનલાઈન કોન્ટેન્ટ પ્લેટફોર્મ માટે યોગ્ય નીતિઓની ભલામણ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવેલા કેન્દ્ર સરકારના સોગંધનામા મુજબ, દેશભરમાં સરકારે ૩૮૫ ચેનલોને નિયમિત ન્યૂઝ ચેનલના લાઈસન્સ આપ્યા છે. આ ચેનલ સમાચારોની સાથે મનોરંજનના કાર્યક્રમો પ્રસારિત કરે છે. તેમાં ઈન્ટરવ્યું, ડિબેટ કાર્યક્રમ અને જનતા સુધી જાણકારી પહોંચાડનારા અન્ય અનેક કાર્યક્રમનો શમાવેશ થાય છે.

આ ઉપરાંત સૂચના અને પ્રસારણ મંત્રાલયે ૫૩૦ એવી ચેનલોને પણ લાઈસન્સ આપ્યા છે જેઓ પૂરી રીતે મનોરંજન, ખેલ અને ભક્તિ, અધ્યાત્મના કાર્યક્રમ પ્રસારિત કરે છે. આ ન્યૂઝ ચેનલોના આત્મ નિયમન માટે સૌથી પહેલા ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન બનાવવામાં આવ્યું. તેમાં દેશની અનેક અગ્રણી ન્યૂઝ ચેનલ્સ સામેલ છે. તેનું સભ્યપદ ઈચ્છુક છે. તેની પ્રશાસનિક વ્યવસ્થાની આગેવાની સુપ્રીમ કોર્ટના જ સેવા નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ અર્જુન કુમાર સીકારી કરી રહ્યા છે. બીજું સંગઠન તાજેતરમાં જ અસ્તિત્વમાં આવ્યું છે- ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ ફેડરેશન (દ્રમ્છ) જેની પ્રશાસનિક સમિતિની આગેવાની હજુ નક્કી નથી કરવામાં આવી.

દેશમાં હજી પણ ૨૩૭ ટીવી ચેનલ એવી છે જે આ બંનેમાંથી કોઈ પણ સંગઠનની સભ્ય જ નથી. આ ચેનલો વિરુદ્ધ સામે થતી ફરિયાદો, ગડબડીઓ કે બેદરકારી પર કાર્યવાહી કરવા માટે સૂચના અને પ્રસારણ મંત્રાલયે આંતરિક મંત્રાલય સમિતિ બનાવી છે. આ સમિતિ ફરિયાદો પર કે પછી જાતે નોંધ લઈને કાર્યવાહી કરે છે.

## આજે અમિત શાહ કચ્છમાં સીમા સુરક્ષાદળના અધિકારીઓ સાથે સંવાદ કરશે

ગાંધીનગર,

કેન્દ્રીય ગૃહમંત્રી કચ્છમાં આવેલી પાકિસ્તાન સાથેની બોર્ડર વિસ્તારની મુલાકાત લેશે. અમિત શાહ બે દિવસ કચ્છમાં રોકાશે. સરહદ વિસ્તારના સરપંચો સહિત બોર્ડર વિસ્તારના વિકાસ અંગે ચર્ચા કરશે. આવતી કાલે ઘોરડો ખાતે સીમા સુરક્ષાદળના અધિકારીઓ સાથે બેઠક કરશે. અમિત શાહ કચ્છ બાદ સીધા અમદાવાદ આવશે. દિવાળીનો તહેવાર કેન્દ્રીય ગૃહમંત્રી પરિવાર સાથે ઉજવશે. ૩૦થી ૩૧ ઓક્ટોબરે પીએમ મોદી દિલ્હી પહેલા અમદાવાદ આવ્યા હતાં. જ્યાં તેઓ સ્વ. કેશુભાઈ પટેલના તથા સ્વ. કનોડિયા બંધુઓના પરિવારને મળી અને સાંત્વના પાઠવી હતી. જ્યાંથી તેઓ કેવડિયા પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે જંગલ સફારી, એકતા મોલ, એકતા નર્સરી, રિવર રાફટિંગ, બટરફલાઈ ગાર્ડન વિશ્વવન સહિત કુલ ૨૧ પ્રોજેકટમાંથી ૧૭ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યુ હતું.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

શીયાળાના આગમન સાથે દાહોદમાં ફરી કોરોના માથું ઉચકી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. આજે એક સાથે જિલ્લામાં ૦૩ કોરોના સંક્રમણના પોઝીટીવ કેસ સામે આવતાં પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. આ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૮૨ ને પાર પહોંચી ગયો છે. આર.ટી.પી.સી.આર.ટેસ્ટના ૨૩૩ પૈકી ૦૨ અને રેપીટ ટેસ્ટના ૪૫૨ પૈકી ૦૧ એમ કુલ આજે ૦૩ કોરોના પોઝીટીવ દર્દીઓ સામે આવ્યા છે. આજના આ ત્રણેય કેસ દાહોદ ના હોવાનું બહાર આવ્યું છે. આજે ૦૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૭૩ પર પહોંચી ગઈ છે. બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા એક વધીને ૭૫ પર પહોંચી છે. આમ, દાહોદમાં છેલ્લા બે – ત્રણ દિવસથી ફરીવાર કોરોના સંક્રમણનો કેર વધતાં કેસો વધારે જોવા મળી રહ્યા છે ત્યારે સંબંધિત આરોગ્ય તંત્રની કામગીરીમાં ફરી વધાતો પણ થયો છે. બીજી તરફ ગણતરીના દિવસો બાદ દિવાળીનો તહેવાર પણ આવતો હોય છે. જેમાં જાહેર જનતાએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી કોરોના સંક્રમણથી બચવા તમામ નીયમોનું પાલન કરવામાં આવે તે અત્યંત આવશ્યક બની રહ્યું છે.

## દાહોદ રેલ્વે ટ્રેનમાં ઉતરતીવેળાએ મુસાફરે બેલેન્સ ગુમાવતા RPF એ જીવ બચાવ્યો

દાહોદ,

દાહોદ રેલવે સ્ટેશને ગતરોજ સાંજના સમયે સુપરફાસ્ટ ટ્રેનમાંથી ઉતરતી વેળાએ એક મુસાફર બેલેન્સ ગુમાવી બેસતા પ્લેટફોર્મ અને ટ્રેનના ગાળા વચ્ચે પડી ગયો હતો. તે સમયે પ્લેટફોર્મ પર ફરજ પર તૈનાત આરપીએફ જવાનની સજાગતાના કારણે એક મુસાફરની જીવ બચી જવા પામ્યો હતો.જોકે આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર ગત તારીખ ૧૦.૧૧.૨૦૨૦ ના રોજ વાગ્યાંના સુમારે ૦૧૨૯૨૫ બાંદ્રા થી અમૃતસર જતી પશ્ચિમ એક્સપ્રેસ કોવીડ સ્પેશલ ટ્રેન સાંજના આઠ વાગ્યાના સુમારે દાહોદ રેલવે સ્ટેશન પર આવી ને ઉભી હતી. તે સમયે સ્લીપર કોચમાંથી ઉતરતી વેળાએ એક મુસાફર પોતાનું બેલેન્સ ગુમાવતા ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડી ગયો હતો.અને ટ્રેન ચાલવા લાગી હતી. તે સમયે રેલ્વે પ્લેટફોર્મ પર ફરજ તૈનાત આરપીએફ જવાન બાબુભાઈ રાઠોડ આ મુસાફર માટે દેવદૂત બનીને આવ્યાહતા.આરપીએફ જવાને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ચપળતા પૂર્વક આ મુસાફરને બહાર ખેંચી લેતા મુસાફરોનો જીવ બચી જવા પામ્યો હતો. ત્યારે આ સમગ્ર ઘટના રેલવે પ્લેટફોર્મ પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી. આ સમગ્ર ઘટના બાદ આરપીએફ સ્ટાફ સહિત ઉપસ્થિત મુસાફરોએ આરપીએફ જવાનની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી.

## દાહોદ સ્માર્ટ સિટી માટેના નવા પ્રોજેક્ટસ માટે નગરજનો પાસેથી રચનાત્મક સૂચનો આવકાર્ય

દાહોદ,

દાહોદ શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે ૨૧ જેટલા વિવિધ પ્રોજેક્ટસ પર કામગીરી કરવામાં આવી રહી છે. દાહોદ સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં હજુ પણ બીજા પ્રોજેક્ટસનો સમાવેશ થઈ શકે તેમ છે. ત્યારે દાહોદ શહેરને પોતાના સપનાનું સ્માર્ટ સિટી બનાવવા માટે નગરજનો પણ સહયોગ આપી શકે છે. સ્માર્ટ સિટી બોર્ડ દ્વારા સ્માર્ટ સિટી માટેના નવા પ્રોજેક્ટસ માટે નગરજનો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે. આ સૂચનો મોબાઈલ નં. ૭૦૯૬૪૯૪૭૨ ઉપર આગામી તા. ૩૦ નવેમ્બર સુધીમાં વોટ્સ અપ કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ સ્માર્ટ સિટી દ્વારા ૨૧ પ્રોજેક્ટસ પર કામ કરવામાં આવી રહ્યું છે. તેમાં છાબ તળાવ રીડેવલપમેન્ટ, દુધમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, સોલીડ વેસ્ટ કલેક્શન, સોલીડ વેસ્ટ પ્રોસેસીંગ એન્ડ ટ્રીટમેન્ટ, વોટર સપ્લાય, સીવરેજ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, ગાર્ડન ડેવલપમેન્ટ, સ્માર્ટ રોડ, નગરપાલિકા બિલ્ડીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ટ્રાયબલ મ્યુઝીયમ, આઈસીસીસી–આઈટી બિલ્ડીંગ, ટ્રાફિક સાઈનેજ, આઈસીસીસી બિલ્ડીંગ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ટ્રક ટર્મિનલ, એનિમલ શેલ્ટર હોમ, વોટર સ્કાડા, એસડબલ્યુ કમ્પાઉન્ડ વોલ એન્ડ સાઈટ ડેવલપમેન્ટ, ઈ–ગર્વનન્સ પોજેક્ટનો સમાવેશ થાય છે.

# વસુબારસ (વાઘબારસ)



વસુબારસ એટલે જ ગૌ વત્સ બારસ. ગૌ વત્સ બારસ દિવાળીના આરંભમાં આવે છે. આ ગૌમાતાનો સવત્સ એટલે કે વાછરડા સાથે પૂજા કરવાનો દિવસ છે. શક સંવત્સર અનુસાર આસો વદ બારસ જ્યારે વિક્રમ સંવત અનુસાર કારતક વદ બારસ ગૌવત્સ બારસના નામથી ઓળખાય છે. આ દિવસ એક વ્રત તરીકે ઊજવવામાં આવે છે.

**--- ગૌ વત્સબારસનું અધ્યાત્મશાસ્ત્રીય મહત્વ ---**

ગૌ વત્સબારસના દિવસે શ્રી વિષ્ણુની આપતત્વ યુક્ત લહેરો સક્રિય બનીને બ્રહ્માંડમાં આવે છે. આ લહેરોનું વિષ્ણુલોકથી બ્રહ્માંડ સુધીનું વહન વિષ્ણુલોકની એક કામધેનુ અવિરત કરે છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કામધેનુના પ્રતીક તરીકે આ દિવસે ગાય–વાછરડાનું પૂજન કરવામાં આવે છે.

**--- ગૌવત્સબારસને દિવસે ગૌપૂજન સવારે અથવા સાંજે કરવાની શાસ્ત્રીય મિમાંસા ---**

સવારે અથવા સાંજે શ્રી વિષ્ણુ ભગવાનની પ્રગટ રૂપની લહેરો ગાયમાં વધારે પ્રમાણમાં આકર્ષિત થાય છે. આ લહેરો શ્રી વિષ્ણુ ભગવાનની અપ્રગટ લહેરોને ૧૦ ટકા વધારે પ્રમાણમાં વેગવાન બનાવે છે. તેથી ગૌ વત્સબારસનું ગૌપૂજન સર્વસામાન્ય રીતે સવારે અથવા સાંજે કરવાનું કહેવામાં આવ્યું છે.

**--- ગૌવત્સબારસથી થનારા લાભ ---**

ગૌ વત્સબારસને દિવસે ગૌપૂજન કરીને તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે. તેથી વ્યક્તિમાં લીનતાની વૃદ્ધિ થાય છે. તેનાં ફળસ્વરૂપે થોડા ક્ષણો માટે તેનો આધ્યાત્મિક સ્તર વધે છે. ગૌપૂજન વ્યક્તિને ચરાચરમાં ઈશ્વરીય તત્ત્વનું દર્શન કરવાની શિખામણ આપે છે.

**--- સંદર્ભ : સનાતન સંસ્થાનો ગ્રંથ 'તહેવાર ધાર્મિક ઉત્સવ અને વ્રત' ---**

## અંકલેશ્વરના પાનોલી GIDCની સિડની ફોર્મ્યુલેશન કંપનીમાં ભીષણ આગ, મચી દોડધામ

અંકલેશ્વર,

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી સિડની ફોર્મ્યુલેશન કંપનીમાં બપોરના સમયે રસાયણિક પ્રક્રિયા ચાલી રહી હતી. આ દરમિયાન એકાએક આગ ફાટી નીકળી હતી.જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આગની ચપેટમાં કંપનીનું ગોડાઉન પણ આવી ગયું હતું અને આગ વિકરાળ બની હતી.ફાયર વિભાગની ૬ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 71

## પાંચ દિવસ ચાલેલી દરોડાની કામગીરી દરમ્યાન

# ગોધરામાં આવકવેરા વિભાગના દરોડામાં ૧૨૦ કરોડ નું બિનહિસાબી નાણું ઝડપાયું







- હાલમાં પણ આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરેલ દસ્તાવેજોના આધારે વધુ તપાસ હાથ ધરી.
- આવકવેરા વિભાગના સામુહિક દરોડા ના પગલે બિલ્ડરો અને વેપારીઓમાં ફફડાટ.
- લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગની કાર્યવાહીથી વેપારીઓમાં સોપો.
- અનાજ, તેલ ના મોટા વેપારીઓ, બિલ્ડરો, ફાયનાન્સનો વેપાર કરતા વેપારી, ઓટોમોબાઈલનો બિઝનેશ કરતા વેપારી તેમજ સ્ક્રેપનો બિઝનેસ કરતા વેપારીઓનો સમાવેશ.
- અચાનક હાથ ધરવામાં આવેલા મેગા સર્ચ ઓપરેશનને લઈને કર ચોરી કરનારામાં નાસભાગ.

ગોધરા,

આવકવેરા વિભાગ દ્વારા દિવાળી પુર્વે ગોધરા અને વેજલપુર વિસ્તારમાં બિલ્ડરો અને મોટા વેપારીઓને ત્યાં સામૂહિક રીતે ૩૫ થી વધુ સ્થળો પર સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આજદિન સુધી પાંચ દિવસ ચાલેલી દરોડાની કામગીરી દરમ્યાન ૧૨૦ કરોડ બિનહિસાબી નાણુ ઝડપાયું છે. હાલમાં પણ આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરેલ દસ્તાવેજોના આધારે વધુ તપાસ કરવામાં આવી રહી છે. આવકવેરા વિભાગના સામુહિક દરોડા ના પગલે બિલ્ડરો અને વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવકવેરા વિભાગ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા શહેર તેમજ જિલ્લાના અલગ અલગ ૩૫ થી ઉપરાંત જગ્યાએ આવકવેરા વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં આવકવેરા વિભાગની જુદી જુદી ૧૫ ઉપરાંત ટીમો દ્વારા ગોધરા શહેરના અનાજ, તેલના મોટા વેપારીઓ, બિલ્ડરો, ફાયનાન્સનો વેપાર કરતા વેપારી, ઓટોમોબાઈલનો બિઝનેશ કરતા વેપારી તેમજ સ્ક્રેપનો બિઝનેસ કરતા વેપારીઓને ત્યાં આવકવેરા વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આવકવેરા વિભાગ દ્વારા અચાનક હાથ ધરવામાં આવેલા મેગા સર્ચ ઓપરેશનને લઈને કર ચોરી કરનારા લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જેમાં આજદિન સુધી પાંચ દિવસ ચાલેલી દરોડાની કામગીરી દરમ્યાન ૧૨૦ કરોડ બિનહિસાબી નાણુ ઝડપાયું છે. હાલમાં પણ આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરેલ દસ્તાવેજોના આધારે વધુ તપાસ કરવામાં આવી રહી છે, આવકવેરા વિભાગના અચાનક પડેલા સામુહિક દરોડા ને લઈને જિલ્લામાં ચર્ચાનો વિષય બની ગયું છે તેમજ વેપારી અને બિલ્ડરો તથા ઉદ્યોગપતિઓમાં ફફડાટ ફેલાયો છે.

અત્રે નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ગોધરા શહેરમાં ફાયનાન્સ, ઓટોમોબઈલ તથા અન્ય ક્ષેત્રમાં આંધળી કમાણી કરનાર વેપારીઓ પોતે છુપી આવક ધરાવે છે. દિવસ–રાત આંધળી કમાણી કરનાર વિરૂદ્ધ દિવાળી પૂર્વે લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે દરોડો પાડીને સપાટો બોલાવ્યો હતો. ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સપાટો બોલાવીને બે હિસાબી આવક મેળવવાની કવાયત હાથ ધરી હતી. લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલી કાર્યવાહી દરમ્યાન અન્ય વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. પાંચ દિવસ દરમ્યાન ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમ્યાન ૨૦ વેપારીઓને ત્યાં ૧૫ જેટલી વડોદરા ઈન્કમટેક્ષ વિભાગે દરોડો પાડયો હતો. ૧૫ જેટલી વડોદરા ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ગોધરા તથા વેજલપુર વિસ્તારમાં આવેલ વેપારીઓને ત્યાં ૨૪ સ્થળો એ દરોડો પાડતા શહેરભરમાં હાહાકાર પ્રસરી ગયો હતો. ફાયનાન્સ તથા ઓટોમોબાઈલ્સ અન્ય ક્ષેત્રમાં કામ કરનાર વેપારીઓ ત્યાં ઈન્કમટેક્ષ દરોડો પાડીને બિલ તથા સોનું–ઝવેરાત ઝડપી પાડયું હતું. લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલી કાર્યવાહીના પગલે વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. આવકવેરા વિભાગ દ્વારા પાંચ દિવસ સુધી ચાલેલી કાર્યવાહી છતાં બેનંબરી હિસાબ ૧૨૦ કરોડનું બિનહિસાબી નાણું ઝડપાયું છે.

## ગોધરા ખાણ-ખનિજ વિભાગે ઓકટોબર ૨૦૨૦ના સમયમાં

# ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહના ૨૪ કેસ ઝડપી ૩૫.૨૦ લાખના દંડની વસુલાત

ગોધરા,

ગોધરા ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા પંચમહાલ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાંથી ખનીજ ચોરી ની મળેલી ફરિયાદ અન્વયે ખનીજ ચોરી અટકાવવા ચેકીંગ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ દરમિયાન ખાણ ખનીજ વિભાગ દ્વારા બિન અધિકૃત રીતે ખનન, વહન અને સંગ્રહ કરતા કસુરદારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ખાણ ખનીજ વિભાગ ગોધરા એ ઓક્ટોબર ૨૦૨૦ ના સમયગાળા દરમિયાન બિનઅધિકૃત ખનન વહન અને સંગ્રહ અંગેની કુલ ૨૪ કેસ ઝડપી પાડવામાં આવ્યા હતા. જે પૈકી કસુરદારો પાસે થી રૂ.૩૫.૨૦ લાખ ની દંડકીય રકમની વસુલાત કરવામાં આવી હતી. જેમાં ચાલુ નાણાંકીય વર્ષમાં તા.૧/૪/૨૦૨૦ થી તા.૧૦/૧૧/૨૦૨૦ ના સમયગાળામાં બિન અધિકૃત ખનન,વહન અને સંગ્રહ ના કુલ ૧૫૮ કેસ ઝડપવામાં આવ્યા હતા. અને કસુરદારો પાસે થી રૂ.૧૮૨.૭૨ લાખની દંડકીય રકમ ની વસુલાત કરવામાં આવી છે. તેમજ ૪ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.આ જ સમયગાળા દરમિયાન ૨૦ જેટલી લિઝ ની તપાસણી હાથ ધરી રૂ.૪૨.૫૮ લાખની વસુલાત બાબતે લિઝ ધારકને નોટિસ આપી લિઝ ના ATR હંગામી ધોરણે બંધ કરવામાં આવી છે.વધુમાં ૧૪ સ્ટોકની તપાસણી હાથ ધરી રૂ.૧૨.૬૫ લાખની વસુલાત કરવામાં આવી છે.આ ઉપરાંત ક્ષેત્રીય ટીમ દ્વારા હાલોલ તાલુકામાં તપાસણી હાથ ધરતા ૧૦ મેટ્રિક ટન પ્રમાણે ની બિન અધિકૃત રીતે સાદીમાટી ખનીજ ભરેલી બે વાહનો અને ત્રણ મેટ્રિક ટન સાદી રેતી ખનીજ ઓવરલોડ વાહનો પકડી વાહનો સિઝ કરી રૂ.૩૦ લાખનો મુદ્દામાલ સિઝ કર્યો હતો.અને વાહન માલિક પાસેથી દંડકીય રકમની વસુલાત ની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## હાલોલ તાલુકામાંથી સાદી રેતી ભરેલ બે વાહનો મળી ૩૦ લાખના મુદ્દામાલ સીઝ કર્યા

## ગોધરામાં ઓનલાઈન ફ્રોડની ફરિયાદમાં સાયબર ક્રાઈમની કાર્યવાહી : રૂા.૯૬.૩૮૭ બેંકમાં પરત જમા કરાવ્યા

ગોધરા,

ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે રૂ.૯૬,૩૮૭ ની ઓનલાઈન ફ્રોડ બાબતની અરજીના અનુસંધાનમાં સાયબર ક્રાઈમ પોલીસ ગોધરા દ્વારા ત્વરિત કાર્યવાહી કરતા પુરેપરી રકમ અરજદારને રિકવર કરી આપી હતી. જેમાં સાયબર ક્રાઈમ પોલીસ મથકના પોલીસ અધિકારીઓ એ ગોધરા ખાતે રહેતા હિતેશ પ્રવીણભાઈ પરમાર રહે.ભૂરાવાવ એ એમેઝોન પર ઓનલાઈન હેડફોન ખરીદ કરતા જે હેડફોન રિટર્ન કરવા તા.૩૧/૧૦ ના રોજ ગૂગલ પર વેબ સર્ચ કરી એમેઝોનનો કસ્ટમર કેર નંબર મેળવી તેના પર ફોન કરતા એપ્લિકેશન ડાઉન લોડ કરવા જણાવ્યું હતું.જે એપ્લિકેશન ડાઉન લોડ કરતા રૂ.૯૬,૩૮૭ બેન્ક ખાતા માંથી ઉપાડ થઈ ગયા હતા.જે બાબતે અરજદારે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે અરજી આપી હતી.જેમાં સાયબર ક્રાઈમ પોલીસ ગોધરાએ આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરતા અરજદાર ના ફ્રોડ માં ગયેલા નાણાં પરત બેન્ક એકાઉન્ટ માં જમા કરાવી આપી સરાહનીય કામગીરી કરાઈ હતી.



લાયન્સ કલબ ગોધરા દ્વારા આજ રોજ ગોધરા તાલુકાના દરૂણીયા ગામે ગરીબ પ્રજાજનો ને રાશન કીટ, સાડી અને ચપ્પલ વિતરણનું સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં લાયન્સ કલબ ગોધરાના પ્રમુખ ગોરધન દાસવાણી,મંત્રી ભાવેશ બુધવાણી અને હેમંત વર્મા હાજર રહ્યા હતા.

# પંચમહાલ જિલ્લામાં દિવાળી દરમિયાન ફટાકડાના વેચાણ, સંગ્રહ-ઉપયોગ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

ગોધરા,

ગોધરા શહેર સહિત જીલ્લાની વિવિધ વિસ્તારોમાં ઠેરઠેર અવનવા ફટાકડાઓની હાટડીઓ ખૂલી ગઈ છે. દિવાળીના પર્વેના આડે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ખરીદનારોની ભીડભાડ સાથે ફટાકડા બજારમાં ધૂમ ઘરાકી જોવા મળે છે. ત્યારે ફટાકડા સંદર્ભે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

પંચમહાલ જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન જાહેર જનતાન સલામતી અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે ફટાકડાના ખરીદ, વેચાણ અને ઉપયોગ પર નિયંત્રણ મૂક્તું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી.બાંભણિયા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અંતર્ગત નીચે મુજબના નિયંત્રણો નાંખવામાં આવ્યા છે. જે મુજબ સમગ્ર જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન રાત્રિના ૨૦.૦૦ કલાકથી રાત્રિના ૨૨.૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. ધ્વનિ પ્રદૂષણ રોક્વા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તરવાળા ફટાકડા વેચી/વાપરી શકાશે. આ ઉપરાંત આવા ફટાકડાના દરેક બોક્સ પર PESOની સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે. સિરીઝમાં જોડાયેલ ફટાકડા (ફટાકડાની લૂમ) તેમજ સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજી બલુન)ના સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. કોઈ પણ પ્રકારના વિદેશી ફટાકડાની આયાત, સંગ્રહ કે વેચાણ કરી શકાશે નહીં. આ ઉપરાંત, ઈ–કોમર્સ વેબાસાઈટ પર ફટાકડાનું વેચાણ કે ખરીદ કરવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં. લોકો માટે ભયજનક સ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ,એલપીજી ગેસના સ્ટોરેજ તેમજ અન્ય જ્વલનશીલ પદાર્થોના ગોદામો નજીક દારૂખાનું ફોડી શકાશે નહીં. આ જાહેરનામાનો અમલ સમગ્ર જિલ્લામાં તા. ૧૪/૧૧/૨૦૨૦થી તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી (બંને દિવસો સહિત) કરવાનો રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૬૬ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા–૦૪, હાલોલ–૦૪, કાલોલ–૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૦૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૬૭.
- મૃત્યુ આંક - ૧૨૧.

નવા ૧૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૮૬૬ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરામાં મોડે મોડે દિવાળીની ખરીદી માટે ઘરાકી ઉમટી પડી



ગોધરા,

દિપોત્સવ પૂર્વે ગોધરાના વિવિધ વિસ્તારોમાં ખરીદી અર્થે ભીડના દ્રશ્યો સર્જાયા હતા. લાંબા સમય બાદ બજારોમાં મંદીની અસર વર્તાઈ હતી. છેલ્લા દિવસોમાં એકસાથે ઘરાકી નીકળી પડતા વેપારીઓમાં હાશકારો વ્યાપ્યો હતો.

લાંબા સમયથી વેપાર–ધંધા પર અસર નોંધાતા વેપારીઓ નવરાધૂપ બન્યા હતા. ત્યારે દિવાળી પૂર્વે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે લોકો બજારમાં ઉમટ્યાં હતા. સવારથી બપોર સુધીમાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ગોધરાના બસ સ્ટેન્ડ રોડ, પાંજરાપોળ, બગીચા રોડ અને સોનીવાડ ચબુતરાના બજારમાં લારીઓ અને પથારાવાળાઓ દિવાળીજન્ય વિવિધ ચીજવસ્તુઓ વેચવા બેઠા હોઈ સ્વાભાવિક રીતે પોલીસને પણ સતત ધ્યાન આપી વારંવાર થતો ટ્રાફિક હળવો કરવો પડે છે. રંગોળી માટેના રંગ, કોડિયાં, રૂ– દીવેટો સહિતની દિવાળી જન્ય વિવિધ ચીજવસ્તુઓની ખરીદી શરૂ થઈ હતી. વહેલી સવારથી જ ગોધરા તથા આસપાસન વિસ્તારોમાંથી લોકો ખરીદી અર્થે ઉમટી પડતા કાપડની દુકાનો, મીઠાઈઓ તથા ઘરમાં રાસરચીલાની સામગ્રી ખરીદવા માટે લોકોની ભીડભાડ જામે છે. વહેલી સવારથી જ વિવિધ વિસ્તારોના માર્ગો ઉપર ટ્રાફિક જામ સર્જાયા રહેવાના કારણે પોલીસને પણ ટ્રાફિક હળવો કરવા કવાયત કરવી પડી રહી છે. લાંબા સમય બાદ દિવાળી પૂર્વે ઘરાકી નિકળતા વેપારીઓમાં હાશકારો વ્યાપ્યો છે.

કોરોનાની મહામારી વચ્ચે લોકો સોશ્યલ ડિસ્ટન્સ તથા માસ્કનો ઉપયોગ કરે તે આવા તહેવારોમાં અને બજારોમાં ભીડભાડને અનુલક્ષીને સાવચેતી રાખવામાં આવે તે હિતાવહ છે.

# હાલોલ તાલુકાના ૩ સરકારી પ્રા.શાળાના શિક્ષકોને શૈક્ષણિક હેતુસર ૧ લાખની સ્કોલરશિપ અપાઈ

હાલોલ,

ગુજરાતના પસંદ થયેલા ૭ શિક્ષકોમાંના હાલોલ તાલુકાના ૩ સરકારી પ્રા.શાળાઓના શિક્ષકોને પ્રથમ ફાઉન્ડેશન, નવી દિલ્હીમાં કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક હેતુસર ૧ લાખની સ્કોલરશિપ આપવામાં આવી હતી. જનવિકાસ ઉડાન ગુજરાતના ૭ જિલ્લાઓના ૮૦૦ સરકારી પ્રા.શાળાઓમાં પ્રા.શિક્ષણના મુદ્દા પર કાર્ય કરી રહ્યુ છે. જનવિકાસ ઉડાન દ્વારા પ્રથમ ફાઉન્ડેશન સાથે જોડાણ કરી અને ધો–૬ થી ૮ ના બાળકો માટે ગણિત–વિજ્ઞાન વિષયમાં લેવલમાં સુધારો થાય તે માટે સોફટવેર આપવામાં આવેલ હતો. જેમાં હાલોલ, કાલોલ અને જાંબુઘોડાના ૩૦ જેટલી શાળાઓમાં સોફટવેરના માધ્યમથી બાળકો શિક્ષણ આપવાના પ્રયત્નો કરી રહ્યા છે. ગત ફેબ્રુઆરીમાં સ્કોલરશિપ જાહેર કરવામાં આવેલ હતી જે અન્વયે શિક્ષકો અને બાળકોનો ઈન્ટરવ્યુ તેમજ તાલીમ રાખવામાં આવી હતી. તાલીમમાં કુલ ૧૦ શિક્ષકોએ હાજરી આપી હતી. જેમાંના હાલોલ તાલુકાના ૩ શિક્ષકો પ્રવિણભાઈ પરમાર, હાલોલ તાલુકા કુમાર શાળા, અશોકભાઈ, ધનસર, તેમજ રાધિકાબેન બારીયા, બ્રાન્ચ શાળા, હાલોલ સહિત ગુજરાતના ૭ શિક્ષકો પૈકી પસંદગી થઈ છે.

ગુજરાતમાં જનવિકાસ ઉડાનના સહયોગથી સરકારી શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો અને બાળકોને પ્રોત્સાહનના હેતુસર ૭ શિક્ષકોને શાળાકિય વિકાસ માટે શૈક્ષણિક હેતુસર ૧ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. અને જેમાં હાલોલ તાલુકાના ૩ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે.

કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી
સૌથી વધુ પસંદગી,
ઓછા મેકીંગ ચાર્જ, સારી ગુણવત્તા
શ્રીનાથજી જ્વેલર્સ
ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬
દિવાળી ના શુભ પ્રસંગે
નવા દાગીના ની નવી ડિઝાઇન ખરીદવા

અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા
રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા
૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962